# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 8-8-2024 બપોર : 1.20 થી 1.30

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

- ભારતીય રિઝર્વ બેંકે દ્વિમાસિક નાણાંકીય નીતિની જાહેરાત કરી - સતત નવમી વખત વ્યાજદરને યથાવત રાખ્યા
- લઘુમતિ બાબતોના કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ આજે લોકસભામાં વક્ફ સુધારા ખરડો, 2024 રજૂ કરશે
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ન્યૂઝીલેન્ડના ગર્વનર જનરલ, પ્રધાનમંત્રી અને ઉપ પ્રધાનમંત્રી તેમજ વિદેશ મંત્રી સહિતના નેતાઓ સાથે દ્વીપક્ષીય બેઠક કરશે..
- બાંગ્લાદેશમાં પ્રોફેસર મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર આજે શપથ ગ્રહણ કરશે
- ઑલિમ્પિક કુશ્તીની ફાઇનલમાં ગેરલાયક ઠર્યા બાદ વિનેશ ફોગાટે નિવૃત્તિ જાહેર કરી - નિરજ ચોપડા આજે પોતાનો ખિતાબ બચવવા માટે મેદાનમાં ઉતરશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. PREZ - NEW ZEALAND VISIT

ન્યૂઝીલેન્ડના પ્રવાસે પહોંચેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વેલિંગ્ટન રેલવે સ્ટેશન ખાતે મહાત્મા ગાંધી સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે તેમની

સાથે ન્યૂઝીલેન્ડના ગવર્નર જનરલ સિન્ડિ કિરો, કેન્દ્રીય રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયન, લોકસભાના સાંસદ જુગલ કિશોર શર્મા અને સુમિત્રા સેન ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે શિક્ષણ એ સામાજિક પરિવર્તન તેમજ રાષ્ટ્ર ઘડતરનું સૌથી મોટું માધ્યમ છે. તેમણે ન્યૂઝીલેન્ડની રાજધાની વેલિંગ્ટનમાં આયોજીત આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે ભારત સરકારે દેશમાં શિક્ષણની ગુણવત્તાના સુધાર માટે કેટલાંક મહત્વના પગલાં લીધા છે.

રાષ્ટ્રપતિ મુર્મુ આજે ન્યૂઝીલેન્ડના બે દિવસીય પ્રવાસે વેલિંગ્ટન પહોંચ્યાં હતા. રાષ્ટ્રપતિ મુર્મુ ન્યૂઝીલેન્ડના ગર્વનર જનરલ, પ્રધાનમંત્રી અને ઉપ પ્રધાનમંત્રી તેમજ વિદેશ મંત્રી સહિતના નેતાઓ સાથે દ્વીપક્ષીય બેઠક કરશે.

# LS- WAQF BILL

લઘુમતિ બાબતોના કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ આજે લોકસભામાં વક્ફ સુધારા ખરડો, 2024 રજૂ કરવા જઈ રહ્યા છે. આ ખરડાનો હેતુ રાજ્ય વક્ફ બૉર્ડની સત્તાઓ અને કામગીરી, વક્ફ મિલકતોની નોંધણી તેમજ સર્વેક્ષણ સંબંધિત મુદ્દાઓને ઉકેલવાનો છે.

દરમિયાન કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું કે, આ ખરડાને કારણે જેમને સીધી અસર થવાની છે, સરકારે તેમની સાથે વાટાઘાટો કરવી જોઈએ. વધુમાં તેમણે કહ્યું કે કેન્દ્રએ સર્વદળીય બેઠક બોલાવી, કાયદા પર વિપક્ષના સૂચના લેવા જોઈતા હતા. સંસદ બહાર પત્રકારો સાથેની વાતચીતમાં સમાજવાદી પાર્ટીના સાંસદ રાજીવકુમાર રાયે જણાવ્યું કે તેમનો પક્ષ આ ખરડાનો વિરોધ કરશે. એનસીપી સાસંદ

સુપ્રિયા સુલે એ ખરડાને વધુ તપાસ અને વધુ ભલામણો માટે સ્થાયી સમિતિને મોકલવાની માગ કરી હતી.

બીજી તરફ, ભાજપે ભારપૂર્વક જણાવ્યું છે કે, વંચિત રહી ગયેલા લઘુમતિઓને ન્યાય આપવા માટે આ કાયદો લાવવામાં આવી રહ્યો છે. ભાજપ સાંસદ સંજય જયસ્વાલે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે વક્ફ બોર્ડ કાયદા દ્વારા ગરીબ લઘુમતીઓને હેરાન કરવાની છૂટ આપી છે.

## DAY RBI-MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંકે આજે સતત નવમી વખત વ્યાજ દર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે..ચાલુ નાણાકીય વર્ષ માટે ત્રીજી દ્વિ-માસિક નાણાકીય નીતિની જાહેરાત કરતાં, RBIના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે નાણાકીય નીતિ સમિતિ-MPC એ રેપો રેટને 6.5 ટકા પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.

મે 2022થી સતત છ વાર દર વધાર્યા બાદ ગયા વર્ષના એપ્રિલ મહિનાથી વ્યાજ દર વધારા પર વિરામ મૂકવામાં આવ્યો હતો. ફુગાવો વૃદ્ધિને ટેકો આપવાના લક્ષ્યાંકને અનુરૂપ રહે તે સુનિશ્ચિત કરવા બેઠકમાં 6માંથી 4સભ્યોની બહુમતીથી નિર્ણય લેવામાં આવ્યો હતો. નાણાકીય નીતિ સમિતિની બેઠક 6, 7 અને 8 ઓગસ્ટના રોજ મળી હતી. આગામી MPC બેઠક 7 થી 9 ઓક્ટોબર, 2024 ના રોજ યોજાશે.

## RS-OPPOSITION

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગટને પેરિસ ઓલિમ્પિકમાંથી ગેરલાયક ઠેરવવાના મુદ્દે વિરોધ પક્ષોએ આજે રાજ્યસભામાંથી વોકઆઉટકર્યું હતું. આજે સવારે ગૃહની બેઠક મળી ત્યારે વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો જેને નામંજૂર કરવામાં આવ્યો હતો.

રાજ્યસભા અધ્યક્ષ જગદીપ ધનખડે  જણાવ્યું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેઓ પોતે વિનેશ ફોગાટને ગેરલાયક ઠેરવવાના કારણે દુઃખી છે અને આ મુદ્દે રાજકારણ કરવું એ કુસ્તીબાજનું અપમાન છે. અધ્યક્ષે ઉમેર્યું કે હરિયાણા સરકારે પહેલેથી જ જાહેરાત કરી છે કે વિનેશ ફોગટને  મેડલ વિજેતાની જેમ તમામ પ્રકારની સહાય પૂરી પાડવામાં આવશે.

ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ પણ વિપક્ષના વર્તનની નિંદા કરી હતી..

# PARL - OPPOSITION

ડુંગળી અને બટાટાના ભાવ વધારાને લઈને વિપક્ષીદળોના સંસદ સભ્યોએ આજે સંસદની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સાંસદોએ ખેડૂતોને તેમના ઉત્પાદન માટે લઘુત્તમ ટેકાના ભાવની કાયદેસર બાંહેધરી આપવાની પણ માગણી કરી હતી.

શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયન,RJD સાંસદ મનોજ કુમાર ઝા, કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારી અને NCP (શરદ પવાર) સાંસદ સુપ્રિયા સુલે સહિત અન્ય લોકોએ વિરોધમાં ભાગ લીધો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# LS - JAL JEEVAN MISSION

જલ જીવન મિશન હેઠળ  સરકારે દેશભરના 77 ટકાથી વધુ ગ્રામીણ પરિવારોને નળના પાણીના જોડાણો આપ્યા છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર. પાટીલે કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકારે આ યોજના 2019માં શરૂ કરી છે અને અત્યાર સુધીમાં 15 કરોડ પરિવારોને નળના પાણીના જોડાણ આપવામાં આવ્યા છે.

શ્રી પાટીલે જણાવ્યું હતું કે, એક અભ્યાસ મુજબ, ઘરોને પૂરા પાડવામાં આવતા સ્વચ્છ અને સુરક્ષિત પીવાના પાણીથી રોગને દૂર કરીને આઠ લાખ કરોડ રૂપિયાથી વધુની બચત થઈ છે.

# BANGLADESH

બાંગ્લાદેશમા નોબેલ પારિતોષિક વિજેતા પ્રોફેસર મહોમ્મદ યુનુસના વડપણ હેઠળની વચગાળાની સરકાર આજે શપથ લેશે.

સૈન્ય પ્રમુખ જનરલ વકાર ઉઝ ઝમાનએ ગઈકાલે પત્રકારોને આ માહિતી આપતા આગામી ત્રણથી ચાર દિવસમાં દેશમાં સ્થિતિ સામાન્ય થવાની આશા

વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે જેઓ પણ આ હિંસામાં સામેલ હતા, તેમને બક્ષવામાં નહી આવે અને તેમની સામે કડક પગલાં લેવાશે.

દરમિયાન સરહદ સલામત દળ બીએસએફના ડાયરેક્ટર જનરલ દલજીતસિંહ ચૌધરીએ આજે ત્રિપુરામાં 856 કિલોમીટર લાંબી ભારત બાંગ્લાદેશ આતરરાષ્ટ્રીય સરહદ પર સલમતીની સ્થિતિની સમીક્ષા કરી હતી.

# PARIS OLYMPIC

પેરિસ ઑલિમ્પિકમાં નિરજ ચોપડા આજે પોતાનો ખિતાબ બચાવવા મેદાનમાં ઉતરશે. તો પુરુષ હોકી ટીમ આજે કાંસ્ય ચંદ્રક માટે સ્પેન સામે સ્પર્ધામાં ઉતરશે.

ભારતના એક માત્ર પુરુષ કુશ્તીબાજ અમન સહરાવત આજે બપોર બાદ પુરુષોની 57 કિલોગ્રામ વજન વર્ગ ફ્રી સ્ટાઇલ સ્પર્ધામાં ભાગ લેશે. મહિલા કુશ્તીબાજ અંશુ પણ મહિલાઓ માટેની 57 કિલોગ્રામ વજન વર્ગ ફ્રી સ્ટાઇલ સ્પર્ધા માટે મેદાનમાં ઉતરશે.

વેઇટ લિફ્ટર એસ. મીરાબાઈ ચાનુ મહિલાઓની 49 કિલોગ્રામ ફાઇનલ સ્પર્ધામાં ચોથા સ્થાને રહ્યા. સ્પર્ધાના બીજા રાઉન્ડના અંતે ચાનુ 199 કિલોગ્રામનું વજન ઉઠાવી શક્યા. 2020માં એશિયન ચેમ્પિયનશીપમાં તેમણે શ્રેષ્ઠ પ્રદર્શન કરતા 205 કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું..

# PHOGAT RETIREMENT

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટે નિવૃત્તિની જાહેરાત કરી છે. વિનેશ ગઈકાલે પેરિસ ઑલિમ્પિકમાં કુશ્તી માટેની 50 કિલોગ્રામ વજન વર્ગની ફાઇનલમાં વજન વધુ હોવાને કારણે ગેરાલાયક ઠર્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે આ જાહેરાત કરી હતી.

# SAUDIARABIA HAMAS

સાઉદી અરેબિયાએ તેહરાનમાં હમાસ નેતા ઇસ્મઇલ હાનિયેની હત્યાને વખોડી કાઢતા તેને ઇરાનના સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું છે. 31 જુલાઈના રોજ બનેલી આ ઘટના સંદર્ભે મધ્ય પૂર્વના શક્તિશાળી દેશ ગણાતા સાઉદી અરેબિયાએ પહેલીવાર આવી પ્રતિક્રિયા આપી છે.

સાઉદીના નાયબ વિદેશ મંત્રી વાલીદ અલ-ખુરાઈજીએ મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોના 57માં રાષ્ટ્રીય ઈસ્લામિક સહકાર સંગઠનની બેઠક દરમિયાન આ નિવેદન આપ્યું હતું. વધુમાં તેમણે સાઉદી અરેબિયાના "રાજ્યોના સાર્વભૌમત્વના ઉલ્લંઘન અથવા કોઈપણ દેશની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ" ના અસ્વીકાર પર ભાર મૂક્યો હતો.

ગામ્બિયાના વિદેશમંત્રી મામાદૌ ટંગારાએ હાનિયેની હત્યા અને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે પ્રાદેશિક સંઘર્ષ વધવાની ચેતવણી ઉચ્ચારી છે. તો બીજી તરફ તુર્કીએ આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત – ICJમાં ઇઝરાયેલ વિરુદ્ધ દક્ષિણ આફ્રિકાના નરસંહાર સંદર્ભે અરજી કરી છે. આ કેસમાં ગાઝામાં ઇઝરાયલની

કાર્યવાહીને લગતો કેસ પણ સામેલ છે. જોકે આતંરરાષ્ટ્રીય ન્યાય અદાલતે આ મામલે હજી કોઈ સુનાવણી હાથ ધરી નથી.

# J&K-SKICC

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે ગઈકાલે શ્રીનગરના શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર-SKICC ખાતે આયોજિત ભારતીય પ્રવાસી માર્ગદર્શક સંગઠનની 25મી વાર્ષિક રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી હતી. આ પ્રસંગે બોલતા શ્રી શેખાવતે જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળા પછી ભારતમાં સ્થાનિક પર્યટનમાં તેજી જોવા મળી છે અને પ્રવાસીઓની વધતી સંખ્યાને પહોંચી વળવા પર્યટન ઉદ્યોગોએ પોતાનો વિકાસ કરવાની જરૂર છે.

શ્રી શેખાવતે કહ્યું કે રોગચાળાના અંત પછી પ્રવાસન ક્ષેત્રે પ્રવાસીઓની સંખ્યામાં 15 ટકાથી વધુનો વધારો નોંધાયો છે. જમ્મુ અને કાશ્મીરના પ્રવાસન સચિવ યશા મુદગલે રાજ્યમાં પ્રવાસન વિશે વિગતવાર રજૂઆત કરતાં કહ્યું કે પ્રવાસન ક્ષેત્ર વાર્ષિક આશરે સત્તર હજાર કરોડ રૂપિયાની આવક મેળવે છે. આ જમ્મુ અને કાશ્મીરના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)ના લગભગ આઠ ટકા છે.